# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૭૨ | ૯૩૫ |
| મકાઈ | ૨૫૦ | ૨૭૦ |
| રાયડો | ૫૦૦ | ૫૭૭ |
| એરંડા | ૬૬૫ | ૬૬૭ |
| ઘઉં | ૩૧૦ | ૪૧૦ |
| બાજરી | ૨૬૦ | ૨૯૫ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૯૫ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૨૨ |
| જુવાર | ૩૪૦ | ૩૬૮ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૮૫૫ | ૯૩૮ |
| ઘઉં | ૩૨૦ | ૩૫૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| ડાંગરનવા | ૨૯૫ | ૩૨૦ |
| ડાંગરગુજ | ૩૩૫ | ૩૫૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૦૦ | ૬૪૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૪૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| ડાંગર | ૩૩૫ | ૩૫૦ |
| ડાંગર જયા | ૨૯૫ | ૩૨૧ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૫ |
| મકાઈ | ૨૪૫ | ૨૯૩ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૮ |
| બાજરી | ૨૫૦ | ૨૬૮ |
| વરિયાળી | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ગવાર | ૧૨૭૦ | ૧૩૫૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉંલોકવાન | ૩૧૦ | ૩૩૦ |
| ઘઉં૪૯૬ | ૩૧૫ | ૩૬૦ |
| મકાઈ | ૨૨૮ | ૨૬૫ |
| એરંડા | ૬૫૫ | ૬૬૬ |
| મગફળી | ૮૦૦ | ૮૫૧ |
| બાજરી | ૨૭૦ | ૨૭૬ |
| મગ | ૧૦૧૬ | ૧૦૬૫ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૭૦ | ૬૧૬ |
| એરંડા | ૬૬૫ | ૬૮૧ |
| જીરૂ | ૨૩૦૦ | ૨૪૭૦ |
| બાજરી | ૨૬૦ | ૨૯૭ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૨ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૨ |
| મગફળી | ૭૦૧ | ૯૧૨ |
| ગવાર | ૧૩૮૦ | ૧૪૦૮ |
| વરીયાળી | ૧૩૦૦ | ૧૪૩૦ |
| ચણા | ૬૪૦ | ૬૨૮ |
| જુવાર | ૩૩૦ | ૩૫૧ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૩ |
| બાજરી | ૨૫૦ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૫ |
| મગફળી | ૮૦૦ | ૮૯૫ |
| મગ | ૧૦૦૦ | ૧૦૧૫ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૫ | ૨૭૫ |
| ઘઉં | ૩૧૫ | ૩૪૧ |
| ડાંગર | ૨૭૬ | ૨૮૫ |
| એરંડા | ૬૬૫ | ૬૭૩ |
| ગવાર | ૧૩૫૮ | ૧૩૬૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૭૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૦ |
| જુવાર | ૨૬૦ | ૩૫૦ |
| રાયડો | ૫૨૫ | ૫૭૦ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૦ | ૨૭૩ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| ડાંગર | ૨૭૫ | ૨૮૦ |
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| ગવાર | ૧૩૨૫ | ૧૩૫૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૬૦ |
| તુવેર | ૫૨૫ | ૬૫૦ |
| જુવાર | ૨૫૦ | ૩૪૦ |
| રાયડો | ૫૨૦ | ૫૬૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૭૮૯ | ૯૦૫ |
| એરંડા | ૬૬૩ | ૬૭૭ |
| ઘઉં | ૩૧૫ | ૪૩૪ |
| મગ | ૮૫૦ | ૯૦૦ |
| બાજરી | ૨૬૪ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૭૦ |
| ચણા | ૫૯૦ | ૬૦૦ |
| જુવાર | ૩૦૦ | ૩૮૯ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૦૫ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૭૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૩૦ |
| એરંડા | ૬૫૦ | ૬૭૨ |
| બાજરી | ૨૭૦ | ૨૯૦ |
| રાયડો | ૫૦૦ | ૬૧૦ |
| મગફળી | ૭૫૦ | ૯૪૫ |
| તલ | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૪૦ |
| જુવાર | ૩૦૦ | ૩૫૦ |
| મગ | ૯૦૦ | ૧૧૩૦ |

### કડી

| | | |
|---|---|---|
| સવા | ૬૮૩ | ૭૧૦ |
| ઘઉં | ૨૯૦ | ૪૪૫ |
| જુવાર | ૩૯૦ | ૪૧૦ |
| ડાંગર | ૨૫૦ | ૩૭૫ |
| બાજરી | ૨૬૬ | ૨૭૭ |
| જવ | ૨૪૧ | ૨૫૧ |
| મગ | ૭૦૧ | ૯૨૫ |
| ગવાર | ૧૩૨૭ | ૧૪૦૧ |
| એરંડા | ૬૬૭ | ૬૭૨ |
| રાયડો | ૫૮૯ | ૫૯૧ |
| જીરૂ | ૨૦૮૧ | ૨૪૮૫ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૪૧૫ |
| બાજરી | ૨૫૫ | ૨૭૬ |
| એરંડા | ૬૬૩ | ૬૮૫ |
| રાયડો | ૫૯૫ | ૬૨૫ |
| વરીયાળી | ૯૦૦ | ૧૮૩૦ |
| રાજગરો | ૮૫૧ | ૧૦૬૦ |
| મગફળી | ૮૦૦ | ૯૧૮ |
| ગવાર | ૧૪૦૦ | ૧૪૫૬ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાજગરો | ૯૨૫ | ૧૦૩૩ |
| જવ | ૨૬૦ | ૨૯૦ |
| રાયડો | ૬૦૬ | ૬૪૫ |
| એરંડા | ૬૩૦ | ૬૪૫ |
| ગવાર | ૧૩૬૫ | ૧૪૭૨ |
| ઘઉં | ૨૮૪ | ૪૫૫ |
| બાજરી | ૨૫૦ | ૨૮૭ |
| જુવાર | ૩૫૦ | ૪૧૬ |
| સવા | ૬૭૦ | ૬૮૮ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૪૩૨ |
| બાજરી | ૨૨૦ | ૨૮૦ |
| રાયડો | ૫૫૦ | ૬૪૧ |
| એરંડા | ૬૫૫ | ૬૮૮ |
| કપાસ | ૭૦૦ | ૯૭૫ |
| જુવાર | ૩૦૦ | ૫૧૧ |
| તલ | ૧૬૦૦ | ૧૭૨૧ |
| મેથી | ૫૦૦ | ૫૬૭ |
| ગવાર | ૧૩૪૫ | ૧૪૩૨ |
| રાજકાના બી | ૧૫૦૦ | ૨૭૮૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જવ | ૨૬૦ | ૨૭૩ |
| જુવાર | ૩૫૨ | ૪૫૧ |
| ઘઉં | ૩૧૦ | ૪૧૪ |
| જીરૂ | ૧૭૦૦ | ૨૩૪૧ |
| રાયડો | ૫૧૬ | ૬૦૯ |
| રાજકાના બી | ૧૦૦૧ | ૨૮૭૧ |
| મેથી | ૫૦૦ | ૫૫૪ |
| વરીયાળી | ૭૦૫ | ૧૧૦૫ |
| બાજરી | ૨૩૦ | ૨૭૫ |
| એરંડા | ૬૬૪ | ૬૯૧ |
| અજમો | ૫૨૫ | ૧૨૩૦ |
| ગવાર | ૧૩૦૮ | ૧૩૭૫ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૩૫ | ૩૯૧ |
| બાજરી | ૨૪૫ | ૨૬૦ |
| એરંડા | ૬૬૧ | ૬૬૯ |
| રાયડો | ૬૦૦ | ૬૦૯ |
| ગવાર | ૧૩૩૦ | ૧૩૮૭ |
| જુવાર | ૩૨૮ | ૩૫૩ |

### જોટાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૯૫ |
| એરંડા | ૬૩૯ | ૬૬૮ |
| રાયડો | ૬૦૦ | ૬૦૧ |
| બાજરી | ૨૨૦ | ૨૬૭ |
| ગવાર | ૧૩૧૪ | ૧૩૪૩ |

### હારીજ

| | | |
|---|---|---|
| મેથી | ૫૦૦ | ૫૩૦ |
| રાયડો | ૫૮૦ | ૬૨૧ |
| એરંડા | ૬૫૦ | ૬૭૪ |
| સાસટો | ૩૦૦ | ૩૩૨ |
| બાજરી | ૨૫૦ | ૨૬૩ |
| ઘઉં | ૩૦૮ | ૪૪૧ |
| ગવાર | ૧૩૬૦ | ૧૪૧૭ |
| અડદ | ૫૦૦ | ૬૩૦ |
| ચણા | ૫૭૦ | ૬૦૮ |
| જીરૂ | ૧૯૦૦ | ૨૪૭૭ |
| સવા | ૬૦૦ | ૭૨૫ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૮૨ |
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| બાજરી | ૨૬૨ | ૨૮૬ |
| રાયડો | ૫૯૬ | ૬૦૬ |
| ડાંગર | ૨૮૦ | ૩૮૦ |
| ગવાર | ૧૩૫૦ | ૧૩૮૨ |
| જુવાર | ૩૧૦ | ૩૮૫ |
| જવ | ૨૬૨ | - |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૦ | ૬૫૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૯૦ |
| બાજરી | ૨૫૫ | ૨૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૩૦૦ | ૧૩૫૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૩૦૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૭૫૦ | ૨૪૨૨ |
| વરીયાળી | ૮૫૦ | ૧૬૪૦ |
| બંટી | ૪૦૪ | - |
| રાયડો | ૫૫૦ | ૬૬૧ |
| એરંડા | ૬૪૦ | ૬૯૧ |
| ઘઉં | ૩૦૬ | ૫૦૦ |
| જુવાર | ૩૪૪ | ૩૫૧ |
| બાજરી | ૨૫૦ | ૨૭૯ |
| જવ | ૨૭૧ | - |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૦૨ |
| મેથી | ૫૦૦ | ૫૫૯ |
| સવા | ૬૧૧ | ૬૯૨ |

### ઊંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૨૫ | ૨૭૭૫ |
| વરીયાળી | ૮૩૫ | ૨૨૨૨ |
| ઈસબગુલ | ૧૧૫૦ | ૧૫૮૨ |
| સરસવ | ૬૭૦ | ૭૧૫ |
| રાયડો | ૬૩૦ | ૬૪૭ |

# આજે બેચરાજી ખાતે તેજત્રિપુરા પૂર્વાધ મહોત્સવ

મહેસાણા, તા.૬

રાજ્ય સરકારના રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા શ્રી બહુચર માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા બહુચરજી અને ખાંભલ્યા પરિવાર એજયુકેશન ટ્રસ્ટ આઈ.એસ. દેસાઈ મહિલા આર્ટસ કોલેજ બહુચરાજીના સહયોગથી તેજત્રિપુરા પૂર્વાધમહોત્સવ ૨૦૧૩નું આયોજન શુક્રવારે રાત્રે ૮.૩૦ કલાકે બહુચરાજી માતાના પરિસરમાં કરેલ છે. આ પ્રસંગે વિવિધતાસભર પરંપરાગત લોકનૃત્યો-ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે. આ મહોત્સવમાં ગૃહ રાજ્ય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલ સાંસદશ્રી જયશ્રીબેન પટેલ, સાંસદ શ્રી નટુજી ઠાકોર ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેનશ્રી જયંતિભાઈ બારોટ, ધારાસભ્ય સર્વશ્રી ઋષિકેશભાઈ પટેલ, નારાયણભાઈ પટેલ, ભરતસિંહ ડાભી, કડી ધારાસભ્યશ્રી રમેશભાઈ ચાવડા, વિજાપુર ધારાસભ્યશ્રી પ્રહલાદભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જયંતિભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી ગોવુભા ઝાલા, સરપંચશ્રી કનુભાઈ ભરવાડ, સામાજિક કાર્યકર શ્રી કીરીટભાઈ પટેલ સહિત કલેકટરશ્રી એચ.એન. ઠકકર સચિવશ્રી યુવા અને સાંસ્કૃતિક વિભાગ, સચિવશ્રી ગુજરાત રાજ્ય નાટ્ય સંગીત અકાદમી તેમજ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ખાંભલ્યા પરિવાર એજયુકેશન ટ્રસ્ટ હાજર રહેનાર છે.



ખેડબ્રહ્મા શહેરના દેવીનગર વિસ્તારમાં આવેલા સરકારી ખાતર ગોડાઉનના ધાબા પર ટીંટોડીએ ચાર ઈંડા મુક્યા હતા. જેમાંથી બે માંથી બચ્ચા બહાર આવી ગયા છે. લોકવાયકા પ્રમાણે જ્યારે ટીંટોડી ઊંચાઈ પર ઈંડા મુકે ત્યારે વરસાદ સારી માત્રામાં પડે છે. આ ઈંડા જોઈને લાગે છે કે આ વર્ષે પણ ખેડબ્રહ્મામાં સારો વરસાદ થશે.
(તસવીર : રમેશભાઈ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# તાજપુર-હરસોલ માર્ગ પર ટ્રકની અડફેટે બાઈક ચાલકનું મોત : બેને ઈજાઓ

તાજપુર કેમ્પ, તા. ૬

તલોદ તાલુકામાંઆવેલ તાજપુર-હરસોલ હાઈ-વે પર જય ખોડીયાર હોટલ ત્રણ રસ્તા આગળ મોડી રાત્રિના સમયે બેફામ ઝડપે આવતી એક ટ્રકે બાઈકને અડફેટે લેતાં બાઈક સવારનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે બે બાઈક સવારને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આથી તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર દહેગામ તાલુકાના રખિયાલ પાસે આવેલ સાહેબજીના મુવાડા ગામેથી આજે સવારે આંત્રોલી દોલજી ગામે જાનમાં જવા માટે પ્રવિણસિંહ ભારતસિંહ ઝાલા (ઉ.વ.૨૫) અને દશરથસિંહ મનહરસિંહ ઝાલા તેમજ રાજેન્દ્રસિંહ ઝાલા બાઈક નં. જીજે-૧૮- સીબી ૩૬૬૯ લઈ ત્રણ સવારી નિકળ્યા હતા. અને તાજપુર ખોડીયાર હોટલ ત્રણ રસ્તા પાસે પસાર થઈ રહ્યા હતા. દરમિયાન આજ માર્ગ પર પુરપાટ ઝડપે આવતી એક ટ્રક જીજે-૯જ વાય- ૯૯૩૫ના ચાલકે બેફામ ટ્રક હંકારી બાઈકને અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક શખ્સ પ્રવિણસિંહનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

જ્યારે અન્ય બે બાઈક સવારને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ની મદદથી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જી ટ્રકનો ચાલક ટ્રક મુકી નાશી છૂટ્યો હતો. આ ઘટનાના પગલે લગ્ન પ્રસંગે માતમમાં ફેરવાઈ ગયો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાસડોલ દૂધ મંડળીના સેક્રેટરીએ ઉચાપત કરી હોવાની ફરિયાદ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના વાસડોલ ગામે આવેલી દૂધ મંડળીમાં નવ મહિના પહેલા સેક્રેટરીએ પોતાની ફરજ દરમિયાન રૂપિયા ૯૩ હજારની ઉચાપત કરતા બુધવારે સાંજે જિલ્લા રજીસ્ટાર કચેરીના મદદનીશ અધિકારી કે.સી. વેદીએ સેક્રેટરી વિરૂદ્ધ ઈડર પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ ધી વાસડોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં ગામના સેક્રેટરી ધનજીભાઈ શામળભાઈ વણકરે પોતાની સેક્રેટરીની ફરજ દરમિયાન ૪-૧૦-૧૨ થી ૧૦-૧૨-૧૨ દરમિયાન ૪-૧૦-૧૨ના રોજની સિલક રૂ. ૨૯૯૪૫.૪૫ પૈસાની જગ્યાએ રૂ. ૨૪૩૯૯.૪૫ની આગળ ખેચેલ જે તફાવતના રૂ. ૫૦૦૦ ની રકમ ૨૪-૧૧-૧૨ના રોજ સિલક ભુલ તરીકે જમા કરી ૫૧ દિવસની હંગામી ઉચાપત કરી હતી અને ૧૧-૯-૧૨ થી ૧૦-૧૨-૧૨ સુધીના સમયગાળામાં કોમ્પ્યુટરની પદ્ધતિથી દૂધ ચૂકવણામાં ગેરરીતી કુલ રૂ. ૯૩૫૧૧.૦૭ પૈસા દૂધ ખરીદી ખાતે વધુ ઉધારી કાયમી નાણાકીય ઉચાપત કરી પોતાના અંગત કામે વાપરી નાખી જમા નહિ કરી મંડળીએ મુકેલ વિશ્વાસ ભંગ કરી સરકારી નાણાની હંગામી અને કાયમી ઉચાપત કર્યાનું ઓડીટમાં બહાર આવ્યું હતું.

# સાબરકાંઠા પોલીસે ૧૧ જેટલી મહિલા બુટલેગરને રોજગાર સાધન સહાય આપી

સાબરકાંઠા, તા. ૬

ગુજરાત રાજ્ય સરકારે દારૂના ગેરકાયદેસર ધંધા સાથે સંકળાયેલી અને આર્થિક રીતે નબળી મહિલાઓને સ્વનિર્ભર બનાવવા માટે સાબરકાંઠા જિલ્લા પોલીસ સંચાલિત સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સામાજિક ઉત્થાનની અનોખી દિશા બતાવી છે.

સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા અને જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ ડી.પી. ચુડાસમા એસ.ઓ.જી.ના પી.આઈ. બી.એલ. દેસાઈ તથા સ્ટાફે છેલ્લા એક મહિનાથી એક અનોખુ કાર્ય હાથમાં લઈને તેને વર્ગ આપવાનું કામ શરૂ કર્યુ હતુ. જેમાં હિંમતનગરની આસપાસ ધાણીયા વિસ્તારમાં દારૂના વ્યવસાય સાથે સંકળાયેલી પ્રથમ ૧૯ મહિલાઓની યાદી બનાવેલ જેમાં વિધવાઓનો પણ સમાવેશ થાય છે. જે ૧૯ મહિલાઓએ હવે દારૂ કે અન્ય કોઈ ગેરકાયદેસરની પ્રવૃત્તિ નહિ કરવાની સંમતિ દર્શાવી હતી. જેને લઈને ૧૯ મહિલાની યાદી પૈકી ૧૦ દિવસ પહેલા પ્રથમ બે મહિલાઓને શાકભાજીની લારી આપવામાં આવી હતી. અને ગુરૂવારે બાકીની ૧૭ મહિલાઓ પૈકી ૧૧ મહિલાઓને જેમાં ૯ શાકભાજી અને બે કેબીન જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાએ વિતરણ કર્યુ હતું. અને હવે બાકીની ૬ મહિલાઓને ટુંક સમયમાં તેમણે માંગેલ વ્યવસાયના સાધન આપવામાં આવશે તેવી જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું અને આ ૧૯ મહિલાઓમાં જેની ઉંમર વધુ હોય તેને શાકભાજીની લારી નહિ પણ ઉંમરને કારણે કેબીનની સહાય ઉચિત ગણી છે. આમ, શાકભાજી, કટલરી અને કરીયાણાનો વ્યાપાર કરવા માટેની સહાય કરવામાં આવી છે.

# પ્રાંતિજ તળાવમાં પાણી ભરવા માગ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૬

રાજ્યમાં નર્મદાના નીર થકી ઘણા બધા ઐતિહાસિક તળાવો તેમજ ઘણી સુકાતી નદીઓમાં નીર નાંખવામાં આવ્યા છે. તેવુ જ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ વર્ષો જુનુ તળાવ જે ઐતિહાસિક ભાભરીયા તળાવ તરીકે ઓળખાય છે. જે છેલ્લા કેટલાય વર્ષોથી સારો વરસાદ ન થવાથી પાણી વગર ખાલી રહેતા આજુબાજુ આવેલ બોરકુવાના તળ નીચે જવા પામ્યા છે. તેમજ રજડતા પશુઓ પણ ઉનાળામાં પાણી વગર વલખા મારવા પડે છે. આથી ખેડૂતોની માગણી છે કે નર્મદાની પાઈપલાઈન નાખી આ તળાવ ભરવા માટે માંગણી કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ ખાતે આવેલ ઐતિહાસિક જુનુ તળાવ કે જે રાજા રજવાડા વખતનું તળાવ છે અને આ તળાવ જ્યારે રાજાશાહી હુકુમત ચાલતી હતી તે સમય દરમ્યાન દુષ્કાળ પડવાથી પાણીની મોટી સમસ્યા ઉભી થઈ હતી. તે સમયમાં જે રાજા રાજ કરતા હતા અને તેવોનું રાજ ચાલતુ હતુ ત્યારે તેમણે દુષ્કાળ સમયે લોકોને રોજી રોટી મળી રહે અને આવનાર ચોમાસામાં પાણીનો ભરાવો થાય તે હેતુથી પ્રાંતિજમાં તળાવ ખોદાયેલું અને આજે પણ તળાવ હયાત છે. આમ છેલ્લા ઘણા સમયથી તળાવમાં પાણી ના હોવાથી તળાવની આજુબાજુમાં આવેલ બોરકુવાઓમાં પાણીનું સ્તર નીચુ ગયું છે. અને ખેતી કરવા માટે જરૂરી પાણી ન મળતા ખેડૂતોની પણ તળાવ ભરાય તેવી માંગ ઉઠવા પામી છે. અને જો તળાવમાં પાણી ભરવામાં આવે તો અબોલ પશુધનની સાથોસાથ આજુબાજુમાં આવેલા ખેતરોનો કુવાઓ રીચાર્જ થશે અને પાણીનું સ્તર ઉંચુ આવશે. અને બે વર્ષથી તો તળાવ પણ ઉંડુ કરવાનું ચાલુ છે. જેથી પાણીનો વધુ ભરાવો પણ થઈ શકે છે. જેથી ભાખરીયા તળાવમાં નર્મદાનું કે વરસાદનું પાણી ભરવામાં આવે તેવી આજુબાજુના ખેડૂતો તથા રહીશો ગામવાસીઓની માંગ ઉઠવા પામી છે.

## સાબરકાંઠામાં એક કરોડ રોપા વાવવાનું લક્ષ્યાંક

પ્રાંતિજ, તા. ૬

રાજ્યમાં ચોમાસાના આડે હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે વન વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં વિવિધ સ્થળોએ એક કરોડ રોપા વાવવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે. અને જિલ્લાને હરિયાળો બનાવવાની દિશામાં આ પગલું ઉમદા છે. પરંતુ હજુ સુધી ગત વર્ષે વાવવામાં આવેલા રોપાનો કોઈ હિસાબ મળતો નથી ત્યારે તંત્રનો એક કરોડ રોપા રોપવાનો લક્ષ્યાંક હાસ્યાસ્પદ લાગી રહ્યો છે. કારણ કે ગત વર્ષે પણ આટલા જ રોપા રોપવામાં આવ્યા હતા. જેનું નામો નિશાન હાલ જોવા મળતું નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લામાં દર વર્ષે વન વિભાગ દ્વારા ચોમાસા પહેલા વૃક્ષોનું પ્રમાણ પુષ્કળ થાય તે હેતુથી જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાં રોપાની રોપણી કરવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો છે. જેના ભાગ રૂપે ચાલુ વર્ષે એક કરોડ રોપા વાવવાનો લક્ષ્યાંક કરવામાં આવ્યો છે. આ માટે તંત્ર દ્વારા હાલ તડામાર તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે. જિલ્લામાં વૃક્ષોની સંખ્યા વધે અને જિલ્લો હરિયાળો બને તે દિશામાં વન વિભાગનું આ પગલું આવકારવા લાયક છે. પરંતુ ગત વર્ષે જિલ્લાના વિવિધ સ્થળોએ વાવવામાં આવેલા રોપાઓમાં કેટલાક ઉછર્યા અને કેટલાક ખતમ થઈ ગયા તેનો કોઈ હિસાબ મળતો નથી. ચોમાસામાં વિવિધ પ્રકારના રોપાની હોંશે-હોંશે રોપણ કરવામાં આવે છે. પરંતુ જેવું ચોમાસુ ખતમ થાય એટલે એ રોપાની માવજત પણ કોઈ કરતું નથી અને રોપા ખેદાન મેદાન થઈ જાય છે.

# વડાલી નજીક અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મોત

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લાના વડાલી ગામ નજીક આવેલ રેલવે ફાટક પાસે અજાણ્યા કાર ચાલકે એક રાહદારીને હડફેટે લેતા તેનું ગંભીર ઈજાઓને કારણે કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે વડાલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર વડાલી-ખેડબ્રહ્મા માર્ગ પર આવેલ રેલવે ફાટક નજીક ઈડર તાલુકાના બોલુન્દ્રા ગામના અમથાભાઈ ઠાકરડા વડાલીના રામનગર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રહે છે. જેમાં મંગળવારના રોજ પુત્રને મળવા આવેલા અમથાભાઈ ઠાકરડા રાત્રે વડાલી ખેડબ્રહ્મા માર્ગ પર આવેલ સાવલીયા દાલબાટી નજીકથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન એક અજાણ્યા કારચાલકે તેમને હડફેટે લીધા હતા. જેથી તેમને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ત્યારબાદ ઘટનાસ્થળે તેમનું મોત નિપજ્યું હતું. જે અંગે મૃતકના પુત્ર કિરીટભાઈ ઠાકરડાની ફરિયાદના આધારે વડાલી પોલીસે ગુનો નોંધી અજાણ્યા વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮